# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*******************************************************

1. GSTના દરોમાં ઘટાડાનો ફાયદો ખેડૂતો સુધી પહોંચે તેની ચર્ચા માટે કેન્દ્રીય કૃષિમંત્રીએ નવી દિલ્હીમાં બેઠક યોજી.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આવતીકાલની ભાવનગર મુલાકાત માટેની તડામાર તૈયારીઓ
3. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે ચોમાસાના વિરામ બાદ ચાર ધામ યાત્રા માટે હેલિકોપ્ટર સેવા ફરીથી શરૂ કરવાની મંજૂરી આપી.
4. રશિયાના પૂર્વીય કામચાટકામાં એક શક્તિશાળી ભૂકંપ બાદ સુનામીની ચેતવણી.
5. પીવી સિંધુ ચાઇના માસ્ટર્સની ક્વાર્ટર ફાઇનલમાં, તો એશિયા કપમાં આજે ભારત અને ઓમાન વચ્ચે મુકાબલો.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## REV. SHIVRAJ- GST MEETING

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે નવી દિલ્હીમાં કૃષિ મશીનરી માટે **GST** સુધારાઓ પર એક બેઠક યોજી હતી. આ બેઠકમાં કૃષિ મશીનરી અને સાધનો પરના **GST** દર કેટલાંક પર **12** અને કેટલીક વસ્તુઓ ઉપરના **18** ટકાથી ઘટાડીને **5** ટકા કરવાના તાજેતરના નિર્ણય પર ચર્ચા કરવામાં આવી હતી. આ ઘટાડાનો ખેડૂતોને સૌથી વધુ લાભ મળે અને આ સુધારાઓના સરળ અમલીકરણ માટે વ્યૂહરચના ઘડવામાં આવે. મીડિયાને સંબોધતા, મંત્રીએ ભાર મૂક્યો કે, આ ઘટાડાથી ખેડૂતોની આવકમાં વધારો થશે

**(BYTE- શિવરાજ સિંહ ચૌહાણ)**

શ્રી સિંહે જણાવ્યું કે, ટ્રેક્ટર અને ખેતી યાંત્રિકીકરણ સંબંધિત તમામ સંગઠનોના પ્રતિનિધિઓ આ બેઠકમાં હાજર રહ્યા હતા. મંત્રીએ ઉમેર્યું કે ટ્રેક્ટર એન્ડ મિકેનાઇઝેશન એસોસિએશન, ઓલ ઇન્ડિયા કમ્બાઇન્ડ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન **(AICMA)**, એગ્રીકલ્ચરલ મશીનરી મેન્યુફેક્ચરર્સ એસોસિએશન **(AAMA)** અને પાવર ટિલર એસોસિએશન ઓફ ઇન્ડિયા વર્ચ્યુઅલી અને ફિઝિકલ રીતે મીટિંગમાં જોડાયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM - CHIRAG PASWAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન દ્વારા લખાયેલ એક લેખ શેર કર્યો છે, જેમાં તેમણે ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં વ્યવસાય કરવાની સરળતામાં સુધારો કરવા પર તાજેતરના GST સુધારાઓની અસરની ચર્ચા કરી છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે રોજિંદા ખાદ્ય ચીજવસ્તુઓ અને પેકેજિંગ પર ઓછા દરે કરિયાણા વધુ સસ્તું બન્યું છે. તેમણે ઉમેર્યું કે આનાથી સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે, ખેડૂતોને ટેકો મળશે અને ભારતની વૈશ્વિક ખાદ્ય સ્પર્ધાત્મકતા માં સુધારો થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM - POSHAN 2.0

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું કે, મિશન સક્ષમ આંગણવાડી અને પોષણનો બીજો તબક્કો એ બાળકો, કિશોરીઓ અને સગર્ભા માતાઓના પોષણમાં સુધારો કરવા માટે સરકાર દ્વારા લેવાયેલી મહત્વની પહેલ છે.

કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવીનો એક લેખ શેર કરતા શ્રી મોદીએ ઉમેર્યું કે આ યોજનાઓ દ્વારા, દેશભરમાં ફેલાયેલા આંગણવાડી કેન્દ્રોના વિશાળ નેટવર્ક દ્વારા લાખો લાભાર્થીઓને મદદ મળી રહી છે. તેમણે વધુમાં ઉલ્લેખ કર્યો કે આ યોજનાઓ દેશના લાખો બાળકોના ભવિષ્યને આકાર આપી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BHAVNAGAR PM SABHA

ગુજરાતના ભાવનગરમાં આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવી રહ્યા છે ત્યારે શહેરમાં તેમના આગમનને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે.તેઓ ભાવનગર એક રોડ શો કરશે. સાથે સાથે તેઓ લોથલ ખાતે તૈયાર થઈ રહેલા નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્ષ પ્રોજેક્ટની કામગીરીની સમીક્ષા કરે તેવી શક્યતા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR WOMEN COMMISSION

બિહાર રાજ્ય મહિલા આયોગ આજે તેનો 24મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. આ પ્રસંગે, પટનાના અધિવેશન ભવનમાં સ્થાપના દિવસ સમારોહ યોજાયો હતો. મુખ્યમંત્રી નીતિશ કુમારે આ સમારોહનું ઉદ્ઘાટન કર્યું હતું.મુખ્યમંત્રીએ રાજ્ય મહિલા આયોગની એક ખાસ વેબસાઇટ પણ લોન્ચ કરી હતી. આ સુવિધા સાથે, મહિલાઓ હવે તેમની ફરિયાદો ઓનલાઈન આયોગમાં નોંધાવી શકશે.

નાયબ મુખ્યમંત્રી, રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ વિજય રાહટકર અને રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ અપ્સરા મિશ્રા પણ આ સમારોહમાં હાજર રહ્યા હતા.

આ પ્રસંગે મહિલાઓને તેમના અધિકારો પ્રત્યે શિક્ષિત અને જાગૃત કરવા માટે "મહિલા જાગૃતિ સંવાદ"નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## AVIATION CHAR DHAM

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે ચોમાસાના વિરામ પછી ચાર ધામ યાત્રા **2025** માટે હેલિકોપ્ટર કામગીરી ફરીથી શરૂ કરવાની મંજૂરી આપી છે. એક નિવેદનમાં, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે ચાર ધામ કામગીરીની સલામતી વધારવા માટેની વ્યૂહાત્મક પહેલ સખત ચકાસણી પછી લાગુ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CHHATTISGARH- ACB ARRESTED

છત્તીસગઢ ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો અને આર્થિક ગુના શાખાએ દારૂ કૌભાંડમાં એક નિવૃત્ત **IAS** અધિકારીની ધરપકડ કરી હતી. રાજ્ય આબકારી વિભાગના તત્કાલીન કમિશનર નિરંજન દાસની કૌભાંડ આચરવા અને તેને છાવરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી.

દાસ પર રાજ્ય સંચાલિત દારૂની દુકાનોમાં બિનહિસાબી દારૂના વેચાણ, અધિકારીઓની બદલી, ટેન્ડર પ્રક્રિયામાં હેરાફેરી, ખામીયુક્ત દારૂ નીતિ

લાવવામાં સહયોગ અને સિન્ડિકેટને ફાયદો પહોંચાડવાના બદલામાં કરોડો રૂપિયાના અનુચિત લાભ મેળવ્યા હોવાનો આરોપ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

## PUDUCHERRY-CHALO JEETE HAIN SCREENING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 75મા જન્મદિવસની ઉજવણીના ભાગ રૂપે રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ટૂંકી ફિલ્મ 'ચલો જીતે હૈ' દેશભરમાં પ્રદર્શિત થઈ રહી છે. પુડુચેરીમાં, ફિલ્મનું ખાસ પ્રદર્શન ગઈકાલે રાત્રે પીવીઆર સિનેમામાં શરૂ થયું. ભાજપના કાર્યકરો અને સામાન્ય લોકો પ્રથમ શોમાં હાજર રહ્યા હતા.

ફિલ્મ જોયા બાદ દર્શકોએ પ્રતિક્રિયા આપતા કહ્યુ હતું કે જીવન જીવવાની કળા અને લોકસેવાની ભાવના આ ફિલ્મ શિખી જાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RUSSIA-EARTHQUAKE

આજે સવારે રશિયાના પૂર્વીય કામચાટકા વિસ્તારમાં એક શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો, જેના કારણે સમગ્ર પ્રદેશમાં સુનામીની ચેતવણી આપવામાં આવી હતી. અમેરિકન ભૂસ્તરશાસ્ત્રીય સર્વે અનુસાર, ભૂકંપની તીવ્રતા 7.8 હતી અને તેનું કેન્દ્ર 10 કિલોમીટરની ઊંડાઈએ હતું.

જોકે, રશિયાની ભૌગોલિક સેવાએ ભૂકંપની તીવ્રતા 7.4 હોવાનો અંદાજ લગાવ્યો હતો અને પાંચ આફ્ટરશોક અનુભવાયા હતા. યુએસ પેસિફિક સુનામી ચેતવણી કેન્દ્રે નજીકના દરિયાકાંઠાના વિસ્તારોમાં ખતરનાક મોજાઓ માટે ચેતવણી આપી છે. હજુ સુધી કોઈ નુકસાન થયું નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## HOUTHI-ISRAEL ATTACK

યમનના હુથી જૂથે ઇઝરાયલી શહેરોને નિશાન બનાવતી હાઇપરસોનિક બેલિસ્ટિક મિસાઇલ અને ત્રણ ડ્રોનથી હુમલો કર્યો હતો. હુથી સૂત્રોના જણાવ્યા

અનુસાર, મિસાઇલે જાફામાં એક લશ્કરી સ્થળને નિશાન બનાવ્યું હતું, જ્યારે ડ્રોનથી બીયર શેવા અને બંદર શહેર ઇલાત પર હુમલો કરાયો હતો.

ઇઝરાયલ સંરક્ષણ દળોએ મોટાભાગના હુમલા ખાળ્યા હોવાનું કહ્યું હતું, જ્યારે ઇલાતમાં એક હોટલ પર ડ્રોનથી હુમલો થયો હોવાનું સ્વીકાર્ હતું, જેમાં કોઈ જાનહાનિ થઈ ન હોવાની સ્પષ્ટતા કરી હતી. આ હુમલાને કારણએ તેલ અવીવ સહિત મધ્ય ઇઝરાયલમાં હવાઈ હુમલાના સાયરન વાગવા લાગ્યા હતા, જેના કારણે રહેવાસીઓ આશ્રય લેવા માટે મજબૂર થયા હતા.

ઓક્ટોબર **2023**માં ગાઝા સંઘર્ષ શરૂ થયો ત્યારથી હુથીઓએ વારંવાર ઇઝરાયલને નિશાન બનાવ્યું છે. ઇઝરાયલે યમનમાં હુથી-નિયંત્રિત વિસ્તારો પર હવાઈ હુમલાઓ કરીને જવાબ આપ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PV SANDHU

બેડમિન્ટનમાં ભારતની સ્ટાર શટલર પીવી સિંધુએ શેનઝેનમાં ચાઇના માસ્ટર્સના મહિલા સિંગલ્સના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો. હવે તેનો સામનો દક્ષિણ કોરિયાની એન સે યંગ સામે થશે. ભારતની સ્ટાર મેન્સ ડબલ્સ જોડી સાત્વિક સાઈરાજ રંકી રેડ્ડી અને ચિરાગ શેટ્ટી પણ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગઈ.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET--ASIA-CUP

**એશિયા કપ T 20 ક્રિકેટ મેચમાં ભારત આજે ગ્રુપ Aની તેમની છેલ્લી મેચમાં ઓમાનનો સામનો કરશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે શરૂ થશે.**

**ગઇકાલે શ્રીલંકાએ અફઘાનિસ્તાનને છ વિકેટે હરાવીને સુપર ફોર સ્ટેજમાં પ્રવેશ કર્યો. અગાઉ, અફઘાનિસ્તાને પ્રથમ બેટિંગ કરીને નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 169 રન બનાવ્યા. જવાબમાં, કુસલ મેન્ડિસના 52 બોલમાં અણનમ 74 રન અને બોલિંગમાં નુવાન તુષારાની ચાર વિકેટની મદદથી શ્રીલંકાએ શાનદાર વિજય મેળવ્યો. કુસલ મેન્ડિસને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. આ જીત સાથે, શ્રીલંકા ગ્રુપ Bમાં ટોચ પર રહ્યું, જ્યારે બાંગ્લાદેશ ત્રણ મેચમાંથી બે જીત સાથે આગળના તબક્કામાં પહોંચ્યું.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## DHARMENDRA---NEP-2020.RTF

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને શાળા શિક્ષણમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 ના અમલીકરણ અંગે સમીક્ષા બેઠક યોજી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી પ્રધાને જણાવ્યું હતું કે મંત્રાલય શિક્ષણ પ્રણાલીને

આધુનિક બનાવવા, શિક્ષણને વધુ આનંદપ્રદ અને વિદ્યાર્થી-કેન્દ્રિત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે ઉમેર્યું હતું કે મંત્રાલય દેશના બાળકોને વિશ્વસ્તરીય શાળા શિક્ષણ પૂરું પાડશે.

---------------------------------------------

## HYDERABAD--COAL-MINISTER.rtf

કેન્દ્રીય કોલસા ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ હૈદરાબાદ જિલ્લાના અધિકારીઓને કેન્દ્રીય યોજનાઓના સમયસર અને અસરકારક અમલીકરણ માટે વિભાગો વચ્ચે સંકલન મજબૂત બનાવવા નિર્દેશ આપ્યો છે. તેમણે ભાર મૂક્યો હતો કે અધિકારીઓ અને જનપ્રતિનિધિઓએ શહેરના મુખ્ય નાગરિક મુદ્દાઓને ઉકેલવા માટે સુમેળમાં કામ કરવું જોઈએ. હૈદરાબાદ જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિ (DISHA) ની બેઠકની અધ્યક્ષતા બાદ મીડિયા સાથે વાત કરતા, મંત્રીએ કહ્યું કે રાજ્ય સરકાર તરફથી ભંડોળની મર્યાદાઓ હોવા છતાં, ઉપલબ્ધ સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરવો જોઈએ. તેમણે કહ્યું કે હૈદરાબાદના વિવિધ વિસ્તારોમાં ગરીબોને ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડે છે જેના માટે લક્ષિત વિકાસ અને સંકલિત પ્રયાસોની જરૂર પડે છે.

મંત્રીએ નોંધ્યું કે હળવા વરસાદથી પણ શહેરના રસ્તાઓ પર પાણી ભરાઈ જાય છે, જેના કારણે અસુવિધા થાય છે અને ક્યારેક દુર્ઘટના પણ થાય છે.

શ્રી રેડ્ડીએ ઝૂંપડપટ્ટીઓમાં ગટરના પાણીને પીવાના પાણીમાં ભળતા અટકાવવા માટે ક્ષતિગ્રસ્ત ડ્રેનેજ સિસ્ટમને તાત્કાલિક પુનઃસ્થાપિત કરવાની પણ હાકલ કરી.